પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૯ | ૩૦ માર્ચ, ૨૦૨૦, સોમવાર; ચૈત્ર સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

ઘરમાં રહો સુરક્ષિત રહો

| ક્યાં | વિશ્વ | ભારત | ગુજરાત | ગાંધીનગર |
|---|---|---|---|---|
| કેસ | ૬૬૧૯૧૨ | ૧૧૨૮ | ૬૩ | ૦૯ |
| મૃત્યુ | ૩૧૦૨૭ | ૨૭ | ૦૫ | ૦૦ |

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

# લોકડાઉનનો ભંગ, કોરોનાને આમંત્રણ : મોદી

**લોકડાઉનમાં થયેલી મુશ્કેલીઓ બદલ હું દેશવાસીઓની માફી માંગુ છું : કોરોના સામે જીવન-મરણની લડાઇ છે, સાવચેત રહો, લોકડાઉનના લીધે સોશિયલ ડિસ્ટન્સિંગ વધારો, ઇમોશનલ ડિસ્ટન્સિંગ ઘટાડો, કેટલાક લોકો કોરોનાની ગંભીરતા સમજી રહ્યાં નથી, પરંતુ દેશવાસીઓ ગફલતમાં ન રહેતા, ઘણા દેશ બરબાદ થઈ ગયા**

ન્યુ દિલ્હી,તા.૨૯

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના રોગચાળા સામેની લડાઈમાં આખા દેશમાં મૂકેલા ૨૧ દિવસના લોકડાઉનનો જે રીતે ભંગ થઈ રહ્યો છે ખાસ કરીને ગઈકાલે શનિવારે દિલ્હીમાં યુપી-બિહારના લોકો વતન જવા આનંદવિહાર બસમથકે હજારોની સંખ્યામાં ભેગા થયા તે પ્રત્યે નારાજગી વ્યક્ત કરીને લોકોને ફરી એકવાર ચેતવણી આપી હતી



કે જીવ બચાવવો હોય તો લોકડાઉનમાં ઘરમાં જ રહો. જ્યાં છો ત્યાં જ રહો. કોરોના સામે આ જીવન-મરણની લડાઈ છે અને આપણે તેમાં વિજય પ્રાપ્ત કરવું હોવાથી સૌ કોઈ લોકડાઉનનો કડક અમલ કરે અને કરાવે, કેમ કે લોકડાઉનનો ભંગ એ જીવલેણ અને ભયાનક રોગ કોરોનાને આમંત્રણ આપવા સમાન છે. કેટલાક લોકો કોરોનાની ગંભીરતા સમજી રહ્યાં નથી એમ કહીને તેમણે ચેતવ્યાં કે, હું કહું છું કે ગફલતમાં ન રહેતા,કેમ કે કોરોનામાં ઘણા દેશ બરબાદ થઈ ગયા છેઃ તેમણે લોકડાઉનમાં લોકોને પડેલી પરેશાનીઓ બદલ ક્ષમા માંગી હતી અને એવો સંદેશશો પણ આપ્યો કે, લોકડાઉનના લીધે સોશિયલ ડિસ્ટન્સિંગ વધારો, અને ઈમોશનલ ડિસ્ટન્સિંગમાં ઘટાડો કરવો જોઈએ. એટલે કે અત્યારે

● અનુસંધાન પાના - ૭ પર

## સોશિયલ ડિસ્ટન્સીંગ વધારો, ઈમોશનલ ડિસ્ટન્સીંગ નહિ : મોદી

- દુનિયાભરના વિકસિત દેશોની ત્રાસદી અને તેમની હાલતને જોઈને સરકારે જોખમ લઈને લોકડાઉનનો નિર્ણય વિકલ્પ ન હોવાથી કર્યો હતો
- કોરોના વાયરસના આક્રમણને રોકવા માટે સરકારને લોકડાઉનનો કઠોર નિર્ણય લેવાની ફરજ પડી છે
- લોકોની પરેશાની માટે તેઓ દેશભરની પ્રજાની માફી માંગે છે
- તમામ લોકોના પરિવારને સુરક્ષિત રાખવા અન્ય કોઈ રસ્તો ન હતો
- ૧૩૦ કરોડ લોકોની વસતીમાં લોકોની જાન બચાવવા માટે આ પગલું જરૂરી બન્યું હતું
- બિમારીને શરૂમાં રોકવાથી નુકસાન ઘટી જાય છે
- જીવન-મૃત્યુ વચ્ચેની લડાઈને જીતવાના ઈરાદાથી કઠોર નિર્ણય લેવાઈ રહ્યા છે
- બિમારી અને તેના પ્રકોપથી શરૂઆતમાં જ સામનો કરી લેવામાં આવે તો બિમારીનો ઈલાજ થાય છે. આજે સમગ્ર ભારત અને ભારતીય આજ વાત કરે છે
- હવે સમય સોશિયલ ડિસ્ટેન્સિંગનો છે. ઈમોસ્નલ ડિસ્ટેન્સનો સમય નથી
- અન્યોને બચાવવા ક્વોરનટાઈન થયેલા લોકો પ્રત્યે જવાબદારી બને છે
- સોશિયલ ઈન્ટરેક્શન જારી રાખવામાં આવે તે જરૂરી છે
- સામૂહિક હિઝરતને રોકવાની જરૂર છે. આનાથી નુકસાન થઈ શકે છે
- સંબંધોને તરોતાજા કરવાનો સમય આવી ગયો છે

## એક કરોડ ગરીબોને ડેટોલ સાબુ ફ્રી અપાશે

**રેકિટ બેન્કિસર કંપની દ્વારા મોટી જાહેરાત કરાઈ : હેલ્થકેર કર્મચારી માટે ૩૫ લાખ એન-૯૫ માસ્ક આપશે**

નવી દિલ્હી, તા. ૨૯

કોરોના વાયરસનો સામનો કરવા માટે એક પછી એક નિર્ણયો લેવાઈ રહ્યા છે ત્યારે કેટલીક કંપનીઓ પણ આના માટે મેદાનમાં આવી રહી છે. આના ભાગરુપે કોરોના સામે જંગને ધ્યાનમાં લઈને હેલ્થ અને હાઈઝિન ક્ષેત્રની મહાકાય કંપની રેકિટ બેન્કિસર (આરબી)એ ભારતના નબળા વર્ગના લોકોને એક કરોડ સાબૂ મફતમાં આપવાનો નિર્ણય કર્યો છે. આના માટે કંપનીએ આજે આરબી ફાઈટ

● અનુસંધાન પાના - ૭ પર

## સ્પેનની રાજકુમારી મારિયા ટેરેસાનું કોરોનાથી નિધન

**શાહી પરિવારના લોકો પણ કોરોનાથી ન બચ્યા : પ્રિન્સ ચાર્લ્સ તેમજ બ્રિટિશ વડાપ્રધાન કોરોનાના સકંજામાં**

મેડ્રિડ, તા. ૨૯

કોરોના વાયરસના સકંજામાં ટોપની સેલિબ્રિટીઓ પણ આવી રહી છે. સાથે સાથે



શાહી પરિવારના લોકો પણ તેના સકંજાથી બચી શક્યા નથી. સ્પેનની રાજકુમારી મારિયા ટેરેસાનું કોરોના વાયરસના પરિણામ સ્વરુપે અવસાન થયું છે. મારિયા દુનિયામાં શાહી પરિવારના પ્રથમ સભ્ય છે જેમનું કોરોનાના કારણે મોત થયું છે. ૮૬ વર્ષની રાજકુમારી મારિયા સ્પેનના રાજા હેલિપે-૬ની પરિવારની બહેન તરીકે હતી. રાજકુમારી મારિયાના ભાઈ રાજકુમાર સિક્ટો દ્વારા ફેસબુક ઉપર રાજકુમારીના અવસાનના સમાચાર આપ્યા છે. મારિયાનું ફ્રાંસના પાટનગર પેરિસમાં અવસાન થયું છે. મારિયાનું અવસાન એવા સમય પર થયું છે જ્યારે સ્પેનના રાજા હેલિપેની તપાસ કરવામાં આવી ચુકી છે જેમાં તેઓ ટેસ્ટ નેગેટિવ આવ્યા છે. ૨૮મી જુલાઈ ૧૯૩૩ના દિવસે જન્મેલી રાજકુમારી મારિયાએ ફ્રાંસમાં અભ્યાસ કર્યો હતો અને પેરિસની યુનિવર્સિટીમાં પ્રોફેસર બન્યા હતા. પોતાના સ્વતંત્ર વિચારના કારણે તેમની ઓળખ રહેલી હતી. શુક્રવારના દિવસે જ તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યું હતું. રાજકુમાર ચાર્લ્સ પણ હાલમાં કોરોના અસરગ્રસ્ત થયા છે. બીજી બાજુ બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોન્સન પણ કોરોના પોઝિટિવ આવી ચુક્યા છે.

## રાજ્યો-જિલ્લાઓની સરહદો સીલ કરવા હુકમ

**શહેરોમાંથી લોકોની મોટાપાયે હિઝરત વચ્ચે કેન્દ્રનો સ્પષ્ટ આદેશ : લોકડાઉનના નિયમ લાગૂ કરવા અને તેને અમલી બનાવવા માટેની જવાબદારી ડીએમ તેમજ એસપીની છે : કર્મીઓ માટે વ્યવસ્થા કરવા સંબંધિતોને આદેશ**

નવીદિલ્હી, તા. ૨૯

લોકડાઉન બાદ મોટાપાયે જારી રહેલી પલાયનની સ્થિતિને લઈને કેન્દ્ર સરકારે આજે કઠોર પલાયનને લઈને કઠોર બનેલી કેન્દ્ર સરકારે સરહદો સીલ કરવા માટેની સૂચના આપવામાં આવી છે. રાજ્ય અને જિલ્લાઓની સરહદો સીલ કરવા કહેવામાં આવ્યું છે. ચીફ સેક્રેટરી અને ડીજીપી સાથે વિડિયો કોન્ફરન્સિંગ દરમિયાન કેબિનેટ સેક્રેટરી રાજીવ નિયંત્રણોને લાગૂ કરવામાં આવી રહ્યા નથી. કોરોના વાયરસના પરિણામ સ્વરુપે ૧૪મી એપ્રિલ સુધી લોકડાઉનની સ્થિતિ રહેલી





વલણ અપનાવ્યું હતું. કેન્દ્ર સરકારે કહ્યું છે કે, લોકડાઉનના નિયમો કઠોરરીતે પાળવામાં આવે તે જરૂરી છે. લોકડાઉન બાદ હવે સરહદો સીલ કરવા માટે સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. મોટાપાયે લોકોની હિઝરતને રોકવા રાજ્ય અને જિલ્લાની ગોબાએ આજે માહિતી આપતા કહ્યું હતું કે, લોકડાઉનની સ્થિતિને પાળવાની જરૂર દેખાઈ રહી છે. હજુ પણ અનેક છે છતાં લોકો જાહેર રસ્તા પર નજરે પડી રહ્યા છે. મજુરો પલાયન કરી રહ્યા છે. ચાલતા જ લોકો કિલોમીટર સુધી નિકળી ગયા છે. સરહદો ઉપર ભીડ જામી રહી છે. શનિવારના દિવસે દિલ્હી સરહદોની સ્થિતિ જોયા બાદ કેન્દ્ર સરકાર જોરદાર નારાજ દેખાઈ રહી છે. કેન્દ્ર સરકારે સાફ શબ્દોમાં કહ્યું છે કે, કામ કરનાર મજુરોની રહેવાની વ્યવસ્થા કરવાની જરૂર દેખાઈ રહી છે. સાથે સાથે સમયસર ચુકવણી કરવાની સૂચના આપવામાં આવી છે. સરકારે કહ્યું છે કે, આદેશ ન માનનાર સામે કઠોર કાર્યવાહી કરવામાં આવશે. કેન્દ્ર સરકારે કહ્યું છે કે, શહેરોથી લોકોને હાઈવે પર આવતા રોકવામાં આવે તે જરૂરી છે. કોરોનાના ફેલાવાને રોકવા માટે કેન્દ્ર સરકારે લોકડાઉનનો નિર્ણય કર્યો છે પરંતુ શહેરોથી

● અનુસંધાન પાના - ૭ પર

## દેશમાં કોરોના વાયરસનો આતંક હજુય જારી : કેસ વધીને ૧૧૨૭ થયા

**મૃતાંક વધી ૨૭ થયો : લોકડાઉનના પાંચમાં દિવસે ઘણા વિસ્તારમાં જાહેરમાં લોકો દેખાયા સરકાર તરફથી વધુ કડક નિયમો અમલી : મહારાષ્ટ્ર-કેરળમાં કેસની સંખ્યા ૨૦૦થી વધારે**

નવી દિલ્હી, તા.૨૯

દુનિયાની સાથે સાથે દેશમાં પણ કોરોના પોઝિટિવ સંખ્યા વધીને ૧૦૦૦થી ઉપર પહોંચી ચુકી છે. મોતનો આંકડો પણ વધીને ૨૭ ઉપર પહોંચી ચુક્યો છે. કોરોના વાયરસનો સૌથી ખતરનાક આતંક છેલ્લા ૨૪ કલાકમાં સ્પેનમાં રહ્યો છે જ્યાં ૮૨૮ લોકોના મોત થયા છે. કોરોના વાયરસના લીધે મહારાષ્ટ્રમાં આજે બીજા બે મોત થયા હતા જેથી રાજ્યમાં મોતનો આંકડો આઠ ઉપર પહોંચ્યો હતો જ્યારે ગુજરાતમાં વધુ એકના મોત સાથે પાંચ થયો હતો. બીજી બાજુ દેશમાં કોરોનાના કેસોમાં સતત વધારો થતાં આંકડો ૧૧૨૭ સુધી પહોંચી ચુક્યો છે. લોકડાઉનના કારણે કોરોના રોકાશે નહીં. ત્રીજા તબક્કાના ઈન્ફેક્શનને રોકવા માટે જીપીએસનો વિકલ્પ અપનાવવો પડશે તેવો મત નિષ્ણાતો આપી રહ્યા છે. મહારાષ્ટ્રમાં ૨૨ નવા કેસો અને દિલ્હીમાં ૨૩ નવા કેસો સપાટી ઉપર આવતા ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. મહારાષ્ટ્રમાં કુલ કેસોની સંખ્યા ૨૦૩ ઉપર પહોંચી છે. વડાપ્રધાન મોદી સતત એક્શનમાં છે. સીધીરીતે માહિતી દરરોજ ૨૦૦થી પણ વધુ લોકો પાસેથી મેળવી રહ્યા છે. દેશમાં ૮૭ લોકો સ્વસ્થ થઈને હોસ્પિટલમાંથી ઘરે જતા રહ્યા છે. ૨૭ના મોત થયા છે. કોરોના વાયરસના કેસો ભારતમાં પણ હવે વધી રહ્યો છે. કોરોનાને રોકવાના હેતુસર સાવચેતીના પગલા લેવાનો સિલસિલો જારી છે. ધાર્મિક સ્થળોને પણ એક પછી એક બંધ કરવામાં આવી ચુક્યા છે. ઐતિહાસિક સ્મારકોને પણ બંધ કરી દેવાયા છે. દેશના તમામ રાજ્યોમાં સ્કુલ કોલેજો, મલ્ટીપ્લેક્સ, સિનેમાહોલ અને મોલને બંધ કરવાની જાહેરાત કરવામાં આવી ચુકી છે. ભારતમાં કોરોનાના વધતા કેસો વચ્ચે તકેદારી સતત વધી રહી છે. કોરોના વાયરસે ૨૭ રાજ્યોને સકંજામાં લઈ લીધા છે.

## કોરોનાથી ૧૯૯ દેશમાં મૃત્યુ આંક ૩૧૦૨૭ થયો

**કેસોની સંખ્યા ૬૬૮૩૫૧ સુધી પહોંચી ગઈ : દુનિયામાં રિકવર લોકોની સંખ્યા વધીને ૧૪૨૮૫૩ સુધી પહોંચી : ઇટાલી, સ્પેન, ફ્રાંસ, ચીનમાં કેસની સંખ્યા વધી**

નવી દિલ્હી, તા. ૨૯

કોરોના વાયરસના કારણે દુનિયાના દેશોમાં ભારે હાહાકાર મચેલો છે. કેસોની સંખ્યા વધીને ૬૬૮૩૫૧ સુધી પહોંચી ગઈ છે જ્યારે મોતનો આંકડો ૩૧૦૦૦થી પણ ઉપર પહોંચી ચુક્યો છે. કોરોના વાયરસથી અસરગ્રસ્ત દેશોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. હવે દુનિયાના ૧૯૯ દેશો તેના સકંજામાં આવી ચુક્યા છે. આવનાર દિવસોમાં કેસોની સંખ્યા હજુ વધે તેવી સ્પષ્ટ શક્યતા દેખાઈ રહી છે. કારણ કે, વિવિધ દેશોમાં અસરગ્રસ્તો અને ગંભીરરીતે અસરગ્રસ્ત લોકોની સંખ્યા સતત વધી રહી છે. કોરોના વાયરસના કેસો ૬૬૮૩૫૧ સુધી પહોંચ્યા છે. સૌથી પ્રભાવિત દેશોમાં હવે અમેરિકા સામેલ છે. એકલા અમેરિકામાં કેસોની સંખ્યા ૧૨૩૭૮૦ સુધી પહોંચી છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪૫૦ લોકોના મોત થઈ ચુક્યા છે. બીજી બાજુ ડબલ્યુએચઓ તરફથી જણાવવામાં આવ્યું છે કે, કોરોના વાયરસ હવાથી ફેલાઈ રહ્યો નથી આને લઈને સ્પષ્ટતા કરવામાં આવી છે. કોરોના વાયરસનો પ્રકોપ દુનિયાભરમાં ફેલાઈ રહ્યો છે. હજુ સુધી ૬.૫૦ લાખથી વધુ લોકો અસરગ્રસ્ત થઈ ચુક્યા છે. દુનિયાભરની સરકારો બચાવના પ્રયાસોમાં લાગેલી છે.

### વિશ્વમાં કોરોનાની સ્થિતિ

| | |
|---|---|
| વિશ્વના કુલ દેશો પ્રભાવિત | ૧૯૯ |
| વિશ્વના કુલ દેશોમાં કેસોની સંખ્યા | ૬૬૮૩૫૧ |
| વિશ્વના કુલ દેશોમાં મોત | ૩૧૦૨૭ |
| વિશ્વના દેશોમાં રિકવર લોકોની સંખ્યા | ૧૪૨૮૫૩ |
| ગંભીરરીતે અસરગ્રસ્ત લોકોની સંખ્યા | ૧૨૦૬૨ |
| માઈલ્ડ કેસોની સંખ્યા | ૪૬૯૦૯૨ |
| બંધ કરાયેલા કેસોની સંખ્યા | ૧૧૮૯૮૭ |

## ઈટલી બન્યું કબ્રસ્તાન, એક જ દિવસમાં વધુ ૮૮૯ના મોત

**મોતનો આંકડો ૧૦ હજારને પાર**

રોમ,તા.૨૯

યૂરોપનો સમૃદ્ધ દેશ ઈટાલી કોરોના વાયરસના લીધે કબ્રસ્તાન બની ગયો છે. નોવેલ કોરોના વાયરસ કોવિડ-૧૯ના કારણે શનિવારે ઈટાલીમાં એક જ દિવસમાં વધુ ૮૮૯ લોકોનાં મોત થતા દેશમાં મૃતાંક ૧૦,૦૦૦ને પાર થઈ ગયો છે.

ઈટાલીમાં લોકોનાં મોતની સંખ્યા વધતા કબ્રસ્તાનોમાં વેઈટિંગ લીસ્ટ જોવા મળઅયું છે. દેશમાં શનિવારે ૫,૯૭૪ લોકો વધુ કોરોના પોઝિટિવ થયા હતા. દેશમાં ૯૨,૪૭૨ લોકો કોરોના સંક્રમિત થયા છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225